# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૯-૦૬-૨૦૨૩

આજ રોજ અમદાવાદ શહેર ખાતે આવેલ ગુજરાતના સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરની ૧૪૬મી ઐતિહાસિક રથયાત્રા મહોત્સવ નિમિત્તે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, પૂર્વ પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, શ્રી ભરતસિંહ સોલંકી, સિધ્ધાર્થભાઈ પટેલ સહિત વરિષ્ઠ આગેવાનોએ ભગવાન જગન્નાથજીનાં દર્શન કરી ગુજરાતના નાગરિકોની સુખાકારી સાથે ગુજરાતની પ્રગતિ માટે પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ પરંપરાગત રીતે રથની પૂજાની વિધી નવનિયુક્ત કોંગ્રેસ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ અને વરિષ્ઠ આગેવાનો દ્વારા કરવામાં આવી હતી.

ભગવાન જગન્નાથજીનાં દર્શન અને પવિત્ર રથની પૂજા બાદ રાજ્યના નાગરિકો અને શહેરવાસીઓની સુખાકારી માટે પ્રાર્થના કરતા રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે આજે જવાબદારી મળી છે તેના આર્શિવાદ મળે તેના માટે દર્શન કર્યા છે. માત્ર સત્તા માટે નહીં પણ પ્રજા માટે કામ કરવાનો મોકો મળે તેવા આશીર્વાદ પણ માંગ્યા. આ સેવાના યજ્ઞ કામ કરવા પ્રજા પણ મદદ કરે. રાજ્યમાં નાગરિકોને સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રભુને શીશ ઝુકાવીને પ્રાર્થના કરી છે. રાજ્યમાં વાવાઝોડું અને કમોસમી વરસાદને કારણે ઘણાં જિલ્લાઓમાં મોટેપાયે જાનમાલને નુકસાન થયું છે.ભાજપ સરકારએ ખેડૂત, માછીમારો, નાના દુકાનદારો સહિત નાગરિકોને થયેલા નુકસાન માટે આર્થિક વળતર જાહેર કરી સહાયતા કરવી જોઈએ. રાજ્યમાં નાગરિકો મોંઘવારી, બેરોજગારી સહિતના મુશ્કેલી-હાલાકીઓ ભોગવી રહ્યાં છે ત્યારે ભાજપનો પન્ના પ્રમુખ પણ વિચાર કરે અને તેને પણ કોંગ્રેસમાં જોડાવવું હોય તો આવી શકે છે.

આ શુભ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસ કાર્યકારી અધ્યક્ષશ્રી હિંમતસિંહ પટેલ, અંબરીષ ડેર, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલા, શ્રી ગેનીબેન ઠાકોર, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી લાલજીભાઈ દેસાઈ, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, પૂર્વ ધારાસભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ, શ્રી આનંદ ચૌધરી, શ્રી ગુલાબસિંહ રાજપૂત, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, શ્રી નિશિત વ્યાસ, શ્રી વિજય દવે, શ્રી પંકજ શાહ, શ્રી પંકજ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા ડિપાર્ટમેન્ટનાં કન્વીનર અને પ્રવક્તાશ્રી ડૉ. મનીષ દોશી, કો-કન્વિનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલ, પ્રદેશ મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, પ્રદેશ સેવાદળના પ્રમુખશ્રી વિજય પટેલ, પ્રવક્તાશ્રી નરેન્દ્ર રાવત, શ્રી હિરેન બેન્કર, શ્રી પાર્થિવરાજ કઠવાડિયા, શ્રી રત્નાબેન વોરા, શ્રી ગીતાબેન પટેલ, શ્રી અમિત નાયક, શહેર પ્રમુખશ્રી નીરવ બક્ષી, મ્યુનિ. કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ, સહિત મોટી સંખ્યામાં કાર્યકરો-આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા